# પ્રેસનોટ

વિષય: ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ મહિલાઓની સમસ્યા અને સુરક્ષા સારુ મહિલા સમિતિના સભ્યો સાથે તા. ૦૭/૦૫/૨૦૧૬ ના રોજ યોજેલ મીટીંગ

પોલીસ મુખ્યમથક ખાતે શહેર મહિલા સુરક્ષા સમિતિની મીટીંગનુ આયોજન કરવામાં આવેલ. જે મીટીંગમાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, વહિવટ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, મહિલા સેલ તથા સમાજ કલ્યાણ કચેરી તેમજ કલેક્ટર કચેરીના પ્રતિનિધી સહિત કુલ ૮ મહિલા સુરક્ષા સમિતિના સભ્યો/આગેવાનો હાજર રહેલ.

સદર મીટીંગમાં ધારાસભ્યશ્રી ડૉ. નિર્મલાબેન વાધવાણી નાઓ પણ આમંત્રિત મહેમાન તરીકે હાજર રહેલ.

અમદાવાદ શહેરમાં મહિલા સુરક્ષા સબંધે ચર્ચા વિચારણા કરવામાં આવી અને આગામી કાર્યક્રમો અંગે રૂપરેખા ઘડવામાં આવી. તેમજ ગત મીટીંગમાં નક્કી કર્યા મુજબ મહિલા સમિતિના સભ્યો દ્વારા જેલ ખાતે કેદીઓના મેડીકલ કેમ્પનુ આયોજન કરવામાં આવેલ તથા વિધાનસભાની મુલાકાત પણ લેવામાં આવેલ.

ગતિશીલ ગુજરાતના સુરક્ષા સેતુ યોજના અન્વયે તા. ૦૧/૦૪/૨૦૧૫ થી તા. ૩૧/૦૩/૨૦૧૬ સુધીમાં શહેરમાં કુલ ૧૪,૦૦૦ કન્યાઓને સ્વરક્ષણની તાલિમ આપવામાં આવેલ, તેમજ સને-૨૦૧૫ ના વર્ષ દરમ્યાન વોર્ડ મહિલા સુરક્ષા સમિતિની કુલ ૧૮૩૯ મીટીંગો યોજવામાં આવેલ, જે મીટીંગોમાં કુલ ૨૨,૩૬૮ સભ્યો હાજર રહેલ.

તેમજ સરકારશ્રીની મહિલા સુરક્ષાની નેમને સાર્થક કરવા તથા શહેરની મહિલાઓના પ્રશ્નોના સુચારૂરૂપે નિરાકરણ કરવા, પોલીસ કમિશ્નરશ્રી નાઓએ જણાવેલ હતુ.

(પન્ના મોમાયા)
મદદનીશ પોલીસ કમિશ્નર,
મહિલા સેલ, અમદાવાદ શહેર.

તા. ૦૭/૦૫/૨૦૧૬